# જિન શાસનનો ઈતિહાસ : એક જ માતાની ૮ દિકરીઓએ દિક્ષા લીધી

## બા.બ્ર.પ.પૂ. વંદિતાજી મહાસતીજી તેમના ભગિની વૃંદ સાથે ગાંધીનગર પધાર્યા છે

ગાંધીનગર, તા. ૨૬

કચ્છની એક આગવી ઓળખ ગુજરાતમાં છે. આજે આ ઓળખની એક નવી જ વાત કરવી છે. કચ્છના રાપર તાલુકાના રામવાવ ગામની. સાવ અનોખુ ગામ છે પણ આ ગામ નોખુ ગામ છે. આ ગામની એક આગવી ઓળખ છે. જિન ભક્તિના રંગે રંગાયેલા આ ગામની વાત આજે કરવી છે.

આ રામવાવ ગામમાં મહેતા મણિલાલ છગનલાલનો પરિવાર રહેતો. કુંવરબેન સાથે મણિલાલભાઈના લગ્ન થયેલા. સુખી દાંપત્યજીવન તેઓ જીવતા હતા. ધર્મ પ્રત્યેનો મણિભાઈ અને કુંવરબેનને ભારે લગાવ હતો.

કુંવરબેનની કૂખે ૮ દિકરીઓ અને એક દિકરાએ જન્મ લીધો હતો. નિયમિત સત્સંગ એજ જીવનમંત્ર કુંવરબેનનો હતો. જિન શાસનના ઈતિહાસમાં સૌથી મોટી ઘટના છે કે આ કુંવરબેનની ૮ દિકરીઓએ દિક્ષા લીધી છે.

કુંવરબેન અને મણિલાલભાઈના પરિવારમાં પહેલીવાર ૧૯૭૮માં બે દિકરીઓ વનિતા અને મધુબેને દિક્ષા લીધી.

શાસન ચંદ્રિકા પ.પૂ. ઉજ્જવળકુમારી મહાસતીજીના સુશિષ્યા પ.પૂ. નિર્મળાજી મ.સ. તથા પ્રર્વર્તિની પૂ. અનિલાજી મ.સ.ના આજ્ઞાનુવર્તી બા.બ્ર.પ.પૂ. વંદિતાજી મહાસતીજી બન્યા. બા.પ્ર.પ.પુ. મીતાજી મહાસતીજી બન્યા હતા. બરાબર ૬ વર્ષ પછી આજ પરિવારની વધુ ૪ દિકરીઓએ દિક્ષા લીધી હતી અને ૧૯૯૫માં વધુ બે દિકરીઓએ દિક્ષા લીધી હતી.

એક જ પરિવારની ૮ દિકરીઓએ દિક્ષા લીધી. આ મહાસતીજીઓને ભગીનીવૃંદ તરીકે પણ જૈન સમાજ ઓળખે છે.

આ ૮ બહેનોની દિક્ષા બાદ ૨૦૦૭માં એકના એક ભાઈની દિકરી કાજલે પણ દિક્ષા મુંબઈમાં લીધી અને તે આજે કાવ્યાંશી મહાસતીજી છે.

ગાંધીનગર સ્થાનકવાસી જૈન સંઘના આમંત્રણને માન આપી આ ૮ બહેનોમાંથી પાંચ બહેનો, એક કાકાની દિકરી અને એક ભત્રીજી જે હવે મહાસતીજી છે તે ગાંધીનગર ચાર્તુમાસ માટે આવ્યા છે.

આ સતીવૃંદે ગાંધીનગરમાં સે. ૨૨માં આવેલ ઉપાશ્રયમાં ગુપ્ત પ્રવેશ કર્યો છે.

પ્રાથમિક શિક્ષણ કચ્છમાં લીધા બાદ સંયમના માર્ગે ભક્તિમાર્ગે આગળ વધેલા મહાસીતીજીના પ્રવચનોને માણવા એક અદ્‌ભુત લ્હાવો છે. તેમણે ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને મહારાષ્ટ્રમાં વિહાર કર્યો છે.

સે. ૨૨માં હાલ ભક્તિનો માહોલ ભરપૂર જામ્યો છે. વરસાદની ખેંચ વચ્ચે પણ અહિ ભક્તિનું ઘોડાપૂર છે. શ્રાવણમાં ગ્રામદેવતા પંચદેવનું મહત્વ પણ એટલુ જ છે. અહિ હિંડોળાએ આગવુ આકર્ષણ જગાવ્યુ છે.

સે. ૨૨ના એક પ્રવેશદ્વાર પર રાષ્ટ્રીય સંત પદ્મસાગરજી મ.સા. ચાર્તુમાસ માટે પધાર્યા છે તો સે. ૨૯ નજીકના સ્થાનકવાસી જૈન ઉપાશ્રય ખાતે બા.બ્ર.પ.પૂ. વંદિતાજી મહાસતીજી પધાર્યા છે.

**સે. ૨૨ માં ભક્તિનું ઘોડાપુર : એક દ્વારે રાષ્ટ્રીય સંત પદ્મસાગરજી મ.સા. તો બીજી તરફ બા.બ્ર.પ.પૂ. વંદિતાજી મહાસતીજી અને શ્રાવણમાં પંચદેવનું મહત્વ તો ખરૂ જ**

બા.બ્ર.પ.પૂ. વંદિતાજી મહાસતીજીને તમે એકવાર મળો એટલે તમને વાત્સલ્યની સાથે સાથે શિસ્તના કડક આગ્રહી અધિકારી હોય તેવો અનુભવ થાય.

તેમણે એક ટૂંકી મુલાકાતમાં ઘણી બધી વાતો કહી. તેમણે કહ્યુ ચાર્તુમાસ એટલે આત્મા પ્રત્યે પ્રેમ જગાડવાનું પર્વ. મનની શાંતિ અને સમાધાન સાથે સમૃદ્ધિ તરફની ગતિ કરાવતુ આ પર્વ છે. ચાર્તુમાસ એ તો પર્વોત્સવ છે.

વિવિધ વિષયોને લઈ આ ચાર્તુમાસ દરમ્યાન બા.બ્ર.પ.પૂ. વંદિતાજી મહાસતીજી, બા.બ્ર.પ.પૂ. રોશનીજી ધર્મના મૂળતત્વો સહજતાથી સરળ ભાષામાં સમજાવે છે. કાવ્યાંશીજી મહાસતીજીના મધુર સ્વરે ભક્તિ સ્તવનો ફરમાવે છે અને શ્રાવકો ભાવ વિભોર બની જાય છે.

આ ભગિની વૃંદમાં હાલ ગાંધીનગર ખાતે બા.બ્ર.પ.પૂ. વંદિતાજી મહાસતીજી, પ.પૂ. ભારતીજી મહાસતીજી, પ.પૂ. ચાંદનીજી મહાસતીજી, પ.પૂ. રોશનીજી મહાસતીજી તેમજ પ.પૂ. હિતાંશીજી મહાસતીજી પધાર્યા છે.

સ્થાનકવાસી જૈન સંઘના આગેવાનો આર.ડી. ગાંધી, કેતન દેવાણી, ગિરીશભાઈ ઝાટકિયાએ જણાવ્યુ હતુ કે આ ચાર્તુમાસ નિમિત્તે મહત્તમ ધર્મ આરાધના કરવાનું તેમજ જિનવાણીનું શ્રવણ કરી તપ-જપની અનુમોદના કરવાનું આયોજન છે.



હજુ તો શહેરમાં નજીવો વરસાદ વરસ્યો છે ત્યાં શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાનું શરૂ થઈ ચૂક્યુ છે. થોડાક જ વરસાદમાં શહેરમાં આવેલા કોમન પ્લોટમાં પાણી ભરાયા છે. આ ઉપરાંત ચાર રસ્તાઓ પર પણ પાણી ભરાયા છે. સેક્ટર-૨૪, સેક્ટર-૨૨, સેક્ટર-૨૧ના વિવિધ વિસ્તારોમાં પાણી ભરાતા વસાહતીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

# ગત વર્ષની તુલનાએ જિલ્લામાં હજુ પણ ૧૮ ટકા વરસાદની ઘટ છે

## કલોલમાં બપોરે ૨ થી ૪ ના ગાળામાં એક ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો : દહેગામમાં સૌથી ઓછો વરસાદ આજ સુધી નોંધાયો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં હજુ પણ ૧૮ ટકા જેટલી વરસાદની ઘટ ગત વર્ષની તુલનામાં છે. જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી સતત મેઘ મ્હેર વચ્ચે દહેગામ તાલુકામાં હજુ પણ વાવણીલાયક વરસાદ થયો નથી. જિલ્લામાં સૌથી ઓછો વરસાદ આજ સુધીમાં નોંધાયો છે.

જિલ્લામાં આજે કલોલમાં બપોરે ૨ થી ૪ ના સમયગાળા દરમ્યાન એક ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાતા ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા. જો કે આ પછી વરસાદનું જોર ઘટતાં તેનો નિકાલ થયો હતો. કલોલ શહેરમાં વરસાદને પગલે વાહન-વ્યવહાર પર તેની અસરો જોવા મળી હતી.

જિલ્લામાં આજે પણ સાંજે ૬ વાગ્યા સુધીમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા નોંધાયા હતા. સાંજે ૬ વાગ્યા સુધીમાં કલોલમાં ૩૨ મી.મી.,ગાંધીનગરમાં ૧૩ મી.મી. અને દહેગામમાં ૮ મી.મી. વરસાદ નોંધાયો હતો.

જિલ્લાના ચારેય તાલુકામાં આજે સવાર સુધીમાં દહેગામમાં ૧૦૯, ગાંધીનગરમાં ૧૩૫, કલોલમાં ૨૧૫, માણસામાં ૨૧૬ મી.મી. વરસાદ નોંધાયો હતો.

ગત વર્ષે આજ તારીખ સુધીમાં દહેગામમાં ૩૭૦, ગાંધીનગરમાં ૨૭૭, કલોલમાં ૨૩૬, માણસામાં ૩૯૮ મી.મી. વરસાદ નોંધાયો હતો.

જિલ્લામાં ગત વર્ષે આજ તારીખ સુધીમાં ચોમાસાની સિઝનનો ૪૦.૯૮ ટકા વરસાદ સરેરાશ નોંધાયો હતો. ગત વર્ષે મી.મી.માં જોઈએ તો જિલ્લામાં ૩૨૦ મી.મી. વરસાદ નોંધાયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

### કોરોનાનું વેક્સિનેશન અભિયાન સોમવારે જિલ્લામાં ધીમું પડ્યું !

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનું રસીકરણ અભિયાન આજે ધીમુ પડ્યુ છે. જિલ્લામાં આજે ૭૦૪૮ લોકોને રસીકરણ અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૦ જેટલી સેશન સાઈટો પર ૪૪૦૯ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪,૭૭,૮૦૯ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૧,૨૮,૧૮૬ને બન્ને ડોઝ આપી દેવામાં આવ્યા છે. ગાંધીનગર શહેરમાં આજે ૨૬૩૯ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

# શહેરમાં ૪ હજાર જોખમી આવાસો : વરસાદમાં પોપડા ખરવાની ફરિયાદો વધી

## ભયજનક આવાસો પૈકી મોટાભાગના હજુ ખાલી થયા નથી : રહીશોને વૈકલ્પિક સુવિધા આપવા માટે પણ તંત્ર પાસે આવાસ નથી

ગાંધીનગર તા ૨૬

શહેરમાં પાંચ દાયકા જુના સરકારી આવાસો હવે રહેણાંકને લાયક રહ્યા નથી. તંત્રના સર્વેના અંતે હાલની સ્થિતિએ પણ શહેરમાં જુદી જુદી કક્ષાના ૪ હજાર મકાનો જોખમી હાલતમાં છે. જયારે આ આવાસો પૈકી ૮૦ ટકા મકાનોમાં કર્મચારી પરિવારોનો વસવાટ છે. વરસાદી દિવસોમાં આમ પણ સરકારી આવાસોમાંથી પોપડા ખરવાની ફરિયાદોનુ પ્રમાણ વધ્યુ છે. ત્યારે જોખમી આવાસો ખાલી કરાવાનુ કામ પણ તંત્ર માટે મુશ્કેલ બન્યુ છે.

ગાંધીનગરમાં પાંચ દાયકા જુના સરકારી આવાસ તંત્રના અધિકારીઓ માટે માથાના દુખાવા રૂપ બન્યા છે. જુના અને જર્જરિત આવાસોમાંથી હાલ પોપડા ખરવાની ફરિયાદો રહીશોના રોષનુ કારણ બની છે. જેના લીધે રોજબરોજ સરકારી આવાસોની છતમાંથી પોપડા ખરતા રહીશોની સલામતી પણ જોખમાઈ છે. બીજીતરફ ભયજનક આવાસો

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના પેથાપુરમાંથી કોરોનાનો એક કેસ મળ્યો

## શહેર-જિલ્લામાં ૧૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે હાલ સારવાર હેઠળ છે : જિલ્લામાં ૩ ને ડિસ્ચાર્જ અપાયુ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે વધુ એક કેસ નોંધાયો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સતત બીજે દિવસે આજે એક પણ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં આજે પેથાપુર ગામેથી એક ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે પાંચ જેટલા દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર

● અનુસંધાન પાન-૭ પર

# શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ માટે સરેરાશ ૨૦ ટકા વિદ્યાર્થીઓની હાજરી

## શૈક્ષણિક સત્રના પ્રારંભ બાદ લાંબા સમયના અંતે શાળા સંકુલોમાં વિદ્યાર્થીઓની હાજરીથી રોનક છવાઇ



ગાંધીનગર તા ૨૬

કોરોનાના કપરા કાળમાં લાંબા સમયથી શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ બંધ હતુ જયારે કોવિડના કેસમાં ઘટાડો થયા બાદ હાલ સંક્રમણ પણ કાબુમાં હોવાથી શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ કરવાની વિચારણાના અંતે આજથી શાળાઓ શરૂ થઇ ગઇ છે. પ્રથમ દિવસે નગરની શાળાઓમાં અંદાજિત ૨૦ ટકા વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ શિક્ષણ માટે હાજર રહ્યા હતા.

કોરોના કાળમાં છેલ્લા ઘણાં સમયથી શાળા કોલેજો બંધ હતી થોડા દિવસો અગાઉ જ સરકારે શાળાઓ ખોલવાની જાહેરાત કરતા નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ બાદ આજથી શાળાઓમાં ગણવેશમાં સજ્જ વિદ્યાર્થીઓની અવરજવર જોવા મળી હતી. છેલ્લા દોઢ વર્ષથી શાળાઓના બિલ્ડીંગોમાં ખાલીપો જોવા મળે છે. કોરોના કાળ અગાઉ નગરની શાળા કોલેજોના સંકુલોમાં અનોખી રોનક જોવા મળતી હતી. અલબત્ત વિદ્યાર્થીઓના કોલાહલથી ગુંજતા શાળા સંકુલોમાં છેલ્લા ઘણાં સમયથી ખાલીપો જોવા મળી રહ્યો હતો. આ તબક્કે શાળા સંચાલકો તેમજ શિક્ષકોએ પણ શાળાઓમાં વિદ્યાર્થીઓની ગેરહાજરી ખુંચતી હોવાનો અફસોસ વ્યકત કર્યો હતો. પરંતુ કોરોનાની બીજી લહેર બાદ ધીમે ધીમે કોવિડના કેસ ઘટતા હાલની સ્થિતિએ કોરોનાનુ સંક્રમણ કાબુમાં હોવાથી શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓ શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો આજથી શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થયુ હતુ. નગરની શાળાઓમાં પણ અગાઉ કરતા કાંઇક હટકે સ્થિતિ જોવા મળી હતી. અલબત્ત શહેરની શાળાઓમાં પ્રથમ દિવસે વિદ્યાર્થીઓની નોંધપાત્ર હાજરી ન હતી પરંતુ સાવ ખાલી ખમ શાળા સંકુલમાં વિદ્યાર્થીઓની અવરજવર શરૂ થતા શિક્ષણ જગતમાં નવુ ચેતન પુરાયુ હોવાનો અહેસાસ શૈક્ષણિક વર્તુળમાં થયો હતો.

નગરના માર્ગો પર વિદ્યાર્થીઓની અવરજવર જોવા મળી હતી. જિલ્લાની અંદાજિત ૩૨૫ જેટલી શાળાઓમાં ધો - ૯ થી ૧૨ માં ૭૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ત્યારે શાળા ખુલવાના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓની સરેરાશ ૨૦ ટકા હાજરી જોવા મળી હતી. ઉત્સાહી વિદ્યાર્થીઓ પ્રથમ દિવસથી જ શાળામાં આવતા થયા હતા. પરંતુ હજુ વાલીઓ થોડા દિવસ સ્થિતિનુ નિરિક્ષણ કરીને વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ શિક્ષણ માટે શાળાએ મોકલવાનો આગ્રહ રાખતા હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે.

# ગ્રામ્ય વિસ્તારમાં વાહકજન્ય રોગચાળાને લઈ ખાસ સર્વેલન્સ સપ્તાહ આરંભાયું

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વાહકજન્ય રોગચાળાની સ્થિતિ વકરે નહિ તે માટે આજથી એક સપ્તાહ માટે સર્વેલન્સ ઝુંબેશનો આરંભ કરવામાં આવ્યો છે.

આજે પ્રથમ દિવસે જિલ્લાની તમામ હોટલ, રેસ્ટોરન્ટ, ઢાબામાં એન્ટી લાર્વેલ અને સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ હોટલ રેસ્ટોરન્ટ ઢાબાની મુલાકાત લઈ ૧૪૮૫ સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થાનોની ચકાસણી કરતાં ૧૧૯ સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા.

તંત્રની ટીમો દ્વારા આ તમામ સ્થાનો પર એન્ટી લાર્વેલની કામગીરી તથા સોર્સ રિડક્સનની કામગીરી હાથ ધરી હતી. તંત્રની ટીમોએ કુલ ૨૫૫ જેટલી હોટલ, રેસ્ટોરન્ટ અને ઢાબાની ચકાસણી કરી હતી.

તંત્રની ટીમો દ્વારા હવે શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, ઔદ્યોગિક એકમો અને હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવશે. આ માટેનું સંપૂર્ણ આયોજન તૈયાર થઈ ગયુ છે. ૧૨૦૦થી વધુ કર્મયોગીઓ આ સર્વેલન્સમાં જોડાયા હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# ગુજરાતી સંગીતકાર પંકજ ભટ્ટને દાદા સાહેબ ફાળકે એવોર્ડ

## ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ છે પંકજ ભટ્ટ : ૭૦ હજાર ગુજરાતી ગીતોનું સ્વરાંકન કરવા બદલ સન્માનિત કરાયા

ગાંધીનગર તા.૨૬

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ અને જાણીતા સંગીતકાર પંકજભાઈ ભટ્ટને પ્રતિષ્ઠિત દાદાસાહેબ ફાળકે એવોર્ડ - ૨૦૨૧થી સન્માનિત કરવામાં આવ્યા છે. આજે મુંબઈ ખાતે યોજાયેલા એક સમારંભમાં તેમને આ એવૉર્ડ આપવામાં આવ્યો હતો. ફિલ્મોરા મિડીયા નેટવર્ક દ્વારા પ્રસ્તુત દાદાસાહેબ ફાળકે એવોર્ડ - ૨૦૨૧ વિતરણ સમારંભ આજે મુંબઈના વિલે પાર્લે ખાતેની ઓર્ચિડ હોટલમાં યોજાયો હતો. આ એવોર્ડ સમારંભમાં ગુજરાતના જાણીતા સંગીતકાર પંકજભાઈ



ભટ્ટને એક જ ભાષામાં સૌથી વધુ ગીતોનું સ્વરાંકન કરવા બદલ દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે પંકજભાઈ ભટ્ટ દ્વારા ૭૦હજાર ગુજરાતી ગીતોને સંગીતથી મઢીને એનું સ્વરાંકન કરવામાં આવ્યું છે. પંકજભાઈ ભટ્ટ હાલ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ તરીકે સેવાઓ આપી રહ્યા છે. પંકજભાઈ ભટ્ટને આ એવોર્ડ મળવાની સાથે રાજ્યના સમગ્ર સંગીત અને કલા જગતમાં આનંદની લહેર પ્રસરી જવા પામી છે અને ચોતરફથી તેમના પર અભિનંદન વર્ષા થઈ રહી છે

### ગાંધીનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.,

મધુર ડેરી, જીઆઈડીસી, સેકટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર-૩૮૨૦૨૪

**''વોક-ઈન-ઈન્ટરવ્યુ''**

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મધુર ડેરી, ગાંધીનગર એ ગુજરાત કો.ઓપ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લી.સાથે સંકળાયેલ છે. જેનું વાર્ષિક ટર્ન ઓવર અંદાજિત રૂ.૪૫૦/- કરોડથી વધુ છે. જે દૂધ અને દૂધની બનાવટોનું પ્રોકયોરમેન્ટ, પ્રોડકશન અને માર્કેટીંગ કરે છે. રોજગાર દિવસની ઉજવણીના ભાગરૂપે આ સંસ્થાને મોર્કેટીંગ વિભાગના વિવિધ કામધેનુ પાર્લરમાં એડહોક ધોરણે (કરાર આધારિત) કામગીરી કરવા માટે ઉત્સાહી અને ખંતીલા વ્યકિતઓની જરૂરિયાત છે. સદર જગ્યા માટે સંપૂર્ણ બાયોડેટા લાગુ પડતા પ્રમાણપત્રોની ઓરીજનલ અને તેની સ્વપ્રમાણિત ઝેરોક્ષ નકલો, તાજેતરનો કલર પાસપોર્ટ સાઈઝનો ફોટો સાથે તા.૦૬/૦૮/૨૦૨૧ ના રોજ સવારના ૯-૦૦ થી ૧૦-૦૦ કલાક સુધી સંસ્થાની ટાટા ચોકડી, સેકટર-૨૬, જી.આઈ.ડી.સી. 'ક' રોડ ખાતેની ઓફીસે રસ ધરાવતા ઉમેદવારોએ, સ્વખર્ચે હાજર રહી રજીસ્ટ્રેશન કરાવી લેવાનું રહેશે. અને ઈન્ટરવ્યુની કામગીરી પૂરી ન થાય ત્યાં સુધી રોકાવવાનું રહેશે.

| અ. ન. | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | શૈક્ષણિક લાયકાત | વય મર્યાદા |
|---|---|---|---|---|
| ૧. | સેલ્સ આસીસ્ટન્ટ | ૨૦૦ | બી.કોમ/બી.બી.એ./ બી.સી.એ. તથા વધારાની લાયકાતમાં કોમ્પ્યુટર ગ્રાન જરૂરી. | ૪૦ વર્ષ સુધી. |

ઉપરોકત જગ્યા માટેનું ઈન્ટરવ્યું રદ કરવું કે ઉમેદવારને લાયક ગણવો કે નહિ તે અંગે નિર્ણય લેવાનો અબાધિત અધિકાર ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેકટરશ્રીનો રહેશે.

**ઈન્ચાર્જ મેનેજીંગ ડિરિક્ટરશ્રી**

નોંધ :- ઉપરોકત જગ્યાઓ એડહોક ધોરણે (કરાર આધારિત) ભરવામાં આવશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com